RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૫૯ તા.૧૬–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સી.જી.પરમાર
સામાવાળ :– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સી.જી.પરમારની તા. ૨૮–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) પ્લોટ નં.૧૭/એ, ૨૨, ૨૩ રોડ નં.૭(એસ.પી.રોડ) ઉધના, ઉદ્યોગનગર (૨) પ્લોટ નં. એ–૧૨/૩ એસ.પી. રોડ નં.૫ ઉધના, ઉદ્યોગનગર(૩) પ્લોટ નં.૧૯૮/૩ ચામુંડા કમ્પાઉન્ડ વાસણવાલા કમ્પાઉન્ડ પાસે, કિરણ ડાઈંગવાળા રોડની બાજુમાં ઉધના ઉપરોકત સરનામાવાળી મિલ્કતોમાં બાંધકામની કાયદેસરતા કેટલી ? સદર મિલ્કતધારકોએ આપના વિભાગની વિકાસ પરવાનગી મેળવેલ છે કે કેમ ? જો હા તો રજાચિઠ્ઠીની નકલ આપવી જો ના તો સદર મિલ્કતધારકો વિરુધ્ધ આપના વિભાગે શું કાર્યવાહી કરી ? નોટીસ આપેલ હોય તો નોટીસની નકલ સહિતની માહિતી આપવા વિનંતી. તા. ૨૮–૧૨–૧૧ પહેલાની આરટીઆઈ એકટ હેઠળની કુલ કેટલી અરજીઓ જુની.ઈજનેરશ્રી પ્રવિણ સુરાવાલા હસ્તક પેન્ડીંગ છે તેની તારીખો સાથેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૫૯/૨૦૧૧–૧૨

શ્રી સી.જી.પરમારની તા. ૨૮–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) પ્લોટ નં.૧૭/એ, ૨૨, ૨૩ રોડ નં.૭(એસ.પી.રોડ) ઉધના, ઉદ્યોગનગર (૨) પ્લોટ નં.એ–૧૨/૩ એસ.પી. રોડ નં.૫ ઉધના, ઉદ્યોગનગર(૩) પ્લોટ નં.૧૯૮/૩ ચામુંડા કમ્પાઉન્ડ વાસણવાલા કમ્પાઉન્ડ પાસે, કિરણ ડાઈંગવાળા રોડની બાજુમાં ઉધના ઉપરોકત સરનામાવાળી મિલ્કતોમાં બાંધકામની કાયદેસરતા કેટલી ? સદર મિલ્કતધારકોએ આપના વિભાગની વિકાસ પરવાનગી મેળવેલ છે કે કેમ ? જો હા તો રજાચિઠ્ઠીની નકલ આપવી જો ના તો સદર મિલ્કતધારકો વિરુધ્ધ આપના વિભાગે શું કાર્યવાહી કરી ? નોટીસ આપેલ હોય તો નોટીસની નકલ સહિતની માહિતી આપવા વિનંતી. તા. ૨૮–૧૨–૧૧ પહેલાની આરટીઆઈ એકટ હેઠળની કુલ કેટલી અરજીઓ જુની.ઈજનેરશ્રી પ્રવિણ સુરાવાલા હસ્તક પેન્ડીંગ છે તેની તારીખો સાથેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/આ.નં.૬૫૩ તા. ૧૦–૦૧–૧૨ થી મળેલ માહિતી અધુરી છે પેન્ડીંગ અરજીઓની માહિતી અસંદિગ્ધ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૮૧ તા.૨૪–૧–૧૨ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના તા.૧૦–૦૧–૧૨ના પત્રની માહિતી બાદ અધુરી, સંદિગ્ધ માહિતી અંગે મુદ્દાવાર આધાર સહ નારાજગીની વિગતો સ્પષ્ટ કરવા તથા ઉલ્લેખનીય છે કે તેમણે અપીલમાં પેન્ડીંગ અરજીમાં અસંદિગ્ધ માહિતી લાગે છે તેવુ જણાવેલ છે. જો તેમ હોય તો તકરારને સ્થાન રહે નહીં તેથી તે અંગે પણ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/ટેક /૭૩૭ તા.૬–૨–૧૨ થી અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક/ ૬૫૩ તા.૧૦–૧–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૬–૨–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૮–૧૨–૧૧ થી અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન./ટેક/૬૫૩ તા.૧૦–૧–૧૨ થી સમય અવધિમાં અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) પ્લોટ નં.૧૭/એ,૨૨, ૨૩ રોડ નં.૭ (એસ.પી.રોડ) ઉધના, ઉદ્યોગનગર (૨) પ્લોટ નં. એ–૧૨/૩ એસ.પી. રોડ નં.૫ ઉધના, ઉદ્યોગનગર(૩) પ્લોટ નં.૧૯૮/૩ ચામુંડા કમ્પાઉન્ડ વાસણવાલા કમ્પાઉન્ડ પાસે, કિરણ ડાઈંગવાળા રોડની બાજુમાં ઉધના ઉપરોકત સરનામાવાળી મિલ્કતોમાં બાંધકામની કાયદેસરતા કેટલી ? સદર મિલ્કતધારકોએ આપના વિભાગની વિકાસ પરવાનગી મેળવેલ છે કે કેમ ? જો હા તો રજાચિઠ્ઠીની નકલ આપવી જો ના તો સદર મિલ્કતધારકો વિરુધ્ધ આપના વિભાગે શું કાર્યવાહી કરી ? નોટીસ આપેલ હોય તો નોટીસની નકલ સહિતની માહિતી આપવા વિનંતી. તા. ૨૮–૧૨–૧૧ પહેલાની આરટીઆઈ એકટ હેઠળની કુલ કેટલી અરજીઓ જુની.ઈજનેરશ્રી પ્રવિણ સુરાવાલા હસ્તક પેન્ડીંગ છે તેની તારીખો સાથેની માહિતી આપવા . જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ તથા ૨ અંગે બાંધકામને ઉધનાઝોન કક્ષાએથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. મુદ્દા નં. ૩ પ્લોટ નં.૧૯૮/૩, ચામુંડા કંમ્પાઉન્ડની કોઈ મિલકત ઉધનાઝોનના રેકર્ડ પર નોંધાયેલ નથી. તેમની તા.૨૮–૧૨–૧૧ પહેલાની આર.ટી.આઈ. એકટ હેઠળની કોઈ અરજીઓ પેન્ડીંગ હોવાનું ઉધનાઝોનના રેકર્ડ પર જણાતુ નથી. તેવુ જણાવેલ.

અરજદારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/આ.નં.૬૫૩ તા. ૧૦–૦૧–૧૨ થી મળેલ માહિતી અધુરી છે પેન્ડીંગ અરજીઓની માહિતી અસંદિગ્ધ હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૬–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકકે મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી અધુરી છે પેન્ડીંગ અરજીઓની માહિતી અસંદિગ્ધ હોવાની રજુઆત કરેલ.

અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૫૮૧ તા.૨૪–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારીના તા.૧૦–૦૧–૧૨ના પત્રની માહિતી બાદ અધુરી, સંદિગ્ધ માહિતી અંગે મુદ્દાવાર આધાર સહ નારાજગીની વિગતો સ્પષ્ટ કરવા તથા ઉલ્લેખનીય છે કે તેમણે અપીલમાં પેન્ડીંગ અરજીમાં અસંદિગ્ધ માહિતી લાગે છે તેવુ જણાવેલ. જો તેમ હોય તો તકરારને સ્થાન રહે નહીં તેથી તે અંગે પણ સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારના તા.૬–૨–૧૨ ના પત્રમાં મુળ અરજીથી મુદ્દા નં.૧ અને ૨ સંદર્ભે જે માહિતી માંગેલ તેના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા એક વાકયમાં ' વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી'' એવો નિર્ણય આપવામાં આવેલ છે. શું કાર્યવાહી કરી તે અને નોટીસ અંગેની માહિતી આપવાનું ટાળેલ છે. પેન્ડીંગ અરજીઓ બાબતે તેમણે જુની.ઈજનેરના ટેબલ ઉપર આવતી કુલ એટલે કે સમગ્ર પેન્ડીંગ અરજીઓની માહિતી માંગેલ . તેમની પેન્ડીંગ અરજીઓ એવું મુળ અરજીમાં લખેલ નથી. જે સ્પષ્ટતા ધ્યાને લઈ નિર્ણય આપવા જણાવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૬–૧–૧૨ ધ્યાને લેતાં ૧૪–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૯–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

''અરજદારની તા.૨૮–૧૨–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી ગેરકાયદેસર બાંધકામ બાબતે નોટીસ આપેલ કે નહીં આપેલ તે અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા તથા અરજદારે અપીલ તબકકે પેન્ડીંગ અરજીઓ બાબતે કરેલ સ્પષ્ટતા અનુસાર દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૩) અને નિયમ–૫ હેઠળ અરજદારને અત્રે ની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.''

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સી.જી.પરમાર,